प्रेस प्रकाशनी PRESS RELEASE

भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA

वेबसाइट : www.rbi.org.in/hindi
Website : www.rbi.org.in
ई-मेल/email : helpdoc@rbi.org.in

संचार विभाग, केंद्रीय कार्यालय, शहीद भगत सिंह मार्ग, फोर्ट, मुंबई - 400 001
Department of Communication, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai - 400 001 फोन/Phone: 022 - 2266 0502

25 ઓગસ્ટ, 2025

**ભારતીય રિઝર્વ બેંકે ધી આણંદ મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ., આણંદ , જીલ્લો આણંદ, ગુજરાત પર લાદેલો નાણાકીય દંડ**

ભારતીય રિઝર્વ બેંકે 21 ઓગસ્ટ 2025 ના આદેશ દ્વારા ગુજરાત રાજ્યના આણંદમાં આવેલી **ધી આણંદ મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ.** (બેંક) પર 'સહકારી બેંકો દ્વારા નાણાકીય સેવાઓના આઉટસોર્સિંગમાં જોખમનું સંચાલન/વ્યવસ્થાપન કરવા માટેની માર્ગદર્શિકા' અને 'તમારા ગ્રાહકને ઓળખો (કેવાયસી)' અંગે આરબીઆઇ દ્વારા બહાર પાડવામાં આવેલા નિશ્ચિત નિર્દેશોનું બેંક દ્વારા પાલન ન થવા બદલ ₹2.00 લાખ (રૂપિયા બે લાખ પૂરા) નો દંડ લાદયો છે. બેંકિંગ નિયમન ધારો, 1949 ની કલમ 46(4) (i) અને 56 ની સાથે કલમ 47 એ (1) (સી) ની જોગવાઈઓ વંચાણે લેતાં ભારતીય રિઝર્વ બેંકને મળેલ સત્તાની રૂએ આ દંડ લાદવામાં આવ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે 31 માર્ચ 2024 ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં બેંકનું વૈધાનિક નિરીક્ષણ કર્યું હતું. ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશોનું પાલન ન કરવાના નિરીક્ષણીય તારણો અને તેને સંબંધિત પત્રવ્યવહારના આધારે બેંકને એક નોટિસ પાઠવવામાં આવી હતી જેમાં, ઉપરના નિર્દેશોનું પાલન કરવામાં તેની નિષ્ફળતા બદલ તેના પર દંડ કેમ ન લાદવો તે સબબ કારણ જણાવવાનું કહેવામાં આવ્યું હતું. નોટિસ અંગે બેંકનો જવાબ, તેની વધારાની રજૂઆત અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન બેંક દ્વારા કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ ભારતીય રિઝર્વ બેંકને અન્ય બાબતોની સાથે બેંક સામે નીચે મુજબના આરોપ યથાવત રહેતા હોવાનું લાગતાં આ નાણાકીય દંડ લાદવામાં આવ્યો છે:

બેંકે:

i. આંતરિક ઓડિટના તેના મુખ્ય સંચાલન કાર્યને આઉટસોર્સ કર્યું હતું, અને
ii. કેટલાક ખાતાઓની ઓછામાં ઓછી છ માસમાં એક વખત જોખમ-વર્ગીકરણ (રિસ્ક કેટેગરાઈઝેશન)ની સામયિક સમીક્ષા કરવામાં બેંક નિષ્ફળ રહી હતી.

સદર કાર્યવાહી નિયામકીય પાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઇ પણ વ્યવહાર અથવા કરારની કાયદેસરતા બાબતે કોઈ અભિપ્રાય આપવાનો નથી. વધુમાં, આ નાણાકીય દંડ લાદવાથી ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંક સામે કરવામાં આવી શકે તેવી અન્ય કોઇ કાર્યવાહી પર કોઇ પ્રતિકૂળ અસર નહીં પડે.

**(પુનીત પંચોલી)**
**મુખ્ય મહાપ્રબંધક**

**પ્રેસ જાહેરાત: 2025-26/974**